FHRAI_Divya Bhaskar (DIB)_ Print (Mumbai)_12th April 2017_Page No.10

ભાસ્કર વિશેષ

હાઇવે પર દારૂબંધીના આદેશથી 10 લાખ લોકો નોકરી ગુમાવશે, સરકારને 2 લાખ કરોડનો ફટકો પડશે

# ‘હાઇવે પર હોટેલો નહીં, ટ્રક ડ્રાઇવિંગ બંધ કરાવો’

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

ટ્રક ડ્રાઈવિંગ બંધ કરાવો, હોટેલો નહીં એવી સોશિયલ મિડિયા પર ઝુંબેશ પશ્ચિમ ભારતનું રેસ્ટોરાં અને હોટેલ માલિકોનું સર્વોચ્ચ સંગઠન હોટેલ એન્ડ રેસ્ટોરાં એસોસિયેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા (એચઆરએડબ્લ્યુઆઈ) દ્વારા શરૂ કરવામાં આવી છે.

હાઈવેના 500 મીટરની અંદર કોઈ પણ હોટેલ શરાબ નહીં પીરસી શકે એવા આદેશ પછી દેશમાં 10 લાખ લોકો નોકરી ગુમાવશે, હજારો રેસ્ટોરાં અને હોટેલ માલિકો નાદાર બની જશે. સરકારી તિજોરી પર રૂ. 2 લાખ કરોડનો ફટકો પડશે. 15,000 આસ્થાપનાઓને તાળાં લાગી જશે. ટ્રક ડ્રાઈવિંગ સામે કાર્યવાહી કઠોર કરો, પરંતુ તેને હોટેલ સાથે સાંકળવું અન્યાયી છે, એમ તેમનું કહેવું છે.

શરાબની લત હોય તેવા લોકો તો ગમે ત્યાંથી શરાબની વ્યવસ્થા કરશે અને શરાબ પીને વાહન પ હંકારશે. આથી ડ ટ્રક ડ્રાઈવિંગનું દૂષણ રોકવા માટે હોટેલોન શરાબ સેવન પીરસવાની મનાઈ ઉકેલ નથી. ટ્રક ડ્રાઈવિંગ ગુનો છે, પરંતુ તેને વાંકે હોટેલને ડામ અયોગ્ય છે, એમ સંગઠનના પ્રમુખ દિલીપ દતવાનીએ જણાવ્યું હતું.

બિહાર અથવા ગુજરાતમાં ટ્રક ડ્રાઈવિંગના કેસ કેમ બનતા નથી, એવો પ્રશ્ન તેમણે પૂછ્યો



દિલીપ દતવાની, (પ્રમુખ, HRAWI)



કમલેશ બારોટ (પૂર્વપ્રમુખ, FHRAI)

## હોટેલ સંગઠન કાનૂની સહારો લેશે

દરમિયાન એફએચઆરએઆઈ દ્વારા કાનૂની સહારો લેવાનું આજે નક્કી કરાયું હતું. સુપ્રીમ કોર્ટે 1 એપ્રિલ, 2017થી રાજ્ય અને રાષ્ટ્રીય હાઈવેની 500 મીટરની શ્રેણીમાં શરાબનું વેચાણ બંધ કરી દીધું છે. શહેરોની ભૌગોલિક સ્થિતિઓના વ્યવહારુ પાસાને ધ્યાનમાં લીધા વિના જ દેશભરમાં હાઈવે પર આ પ્રતિબંધ લાદી દીધો છે, જે અન્યાયી છે. દા.ત. ને.હા. 55 પર દાર્જીલિંગ આવે છે, જ્યાં સિલિગુરીના શહેરના મૂળથી 77 કિમી પટ્ટામાં હોટેલો આવેલી છે, જેને પ્રતિબંધની સીધી અસર થશે, એમ સંગઠનના ટી એસ વાલિયાએ જણાવ્યું હતું.

છે. મોટા ભાગની હોટેલો શહેરના રહેવાસીઓને સેવા આપે છે અને આંતરરાજ્ય ડ્રાઈવરોને નહીં. અમે કાનૂની પરવાનાધારક આસ્થાપના છીએ, જે રાષ્ટ્રની જીડીપીમાં યોગદાન આપે છે. રાષ્ટ્રના પર્યટનની વૃદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. એક ઝાટકામાં આખા ઉદ્યોગની કેડ ભાંગી ગઈ છે, એમ ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરાં એસોસિયેશન્સ ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ કમલેશ બારોટે જણાવ્યું હતું.